# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-02-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# REV PARIKSHA PE CHARCHA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે "પરીક્ષા પે ચર્ચા " કાર્યક્રમની નવમી આવૃત્તિમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. આજે જાહેર કરાયેલા બીજા વીડિયોમાં શ્રી મોદીએ પરીક્ષા દરમિયાન તણાવ અને ચિંતાનો સામનો કરવાના ઉપાય અંગે વાત કરી.

તેમણે વિદ્યાર્થીઓને નાના સ્ટાર્ટ-અપથી પોતાની ઉદ્યોગસાહસિકતાની યાત્રા શરૂ કરવા પ્રોત્સાહિત કર્યા. તેમણે કહ્યું , મોટા વિચાર હંમેશા નાની શરૂઆતથી જ ઉત્પન્ન થાય છે. તેમણે વિદ્યાર્થીઓને ઉદ્યોગજગતના વ્યાવસાયિકો સાથે સંપર્ક જાળવી રાખવા સલાહ આપી, જેથી તેઓ વાસ્તવિક વિશ્વની પ્રણાલિઓની કાર્યપ્રણાલિને સમજી શકે અને પાઠ્યપુસ્તકો સિવાયનો વ્યવહારિક અનુભવ મેળવી શકે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) START-UP

શ્રી મોદીએ શિસ્ત અને પ્રેરણા બંનેની જરૂરિયાત પર ભાર આપતા કહ્યું , શિસ્ત વગર માત્ર પ્રેરણા હંમેશા બિનઅસરકારક હોય છે.

(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) MOTIVATION

વૉકલ ફૉર લૉકલ જેવી પહેલનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું , ભારતીય ચીજવસ્તુઓનો ઉપયોગ સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવે છે.

. . . . . . . . . . . . .

# INDIA US KARAR

ભારત અને અમેરિકા વચ્ચેના વચગાળાના વેપાર કરારથી રાજ્યના ઉદ્યોગ માટે વિકાસના નવા દ્વાર ખૂલશે. તેનાથી રાજ્યના કાપડ, જૅમ્સ ઍન્ડ જ્વેલરી અને રસાયણ ક્ષેત્ર માટે સુવર્ણ તકનું સર્જન થશે. તેમજ રોજગારી તથા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME ક્ષેત્રને નવું બળ મળશે. ઉપરાંત અમેરિકા દ્વારા ટૅરિફ એટલે કે, વેરો ઘટાડાયા બાદ રાજ્યની નિકાસમાં વિક્રમજનક વધારો થશે , તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

આ કરાર થી વિશ્વના સૌથી મોટા ડાયમંડ પૉલિશિંગ હબ ગણાતા સુરતના હીરા ઉદ્યોગને આ નિર્ણયથી ખૂબ મોટો લાભ થશે.

. . . . . . . . . . . . .

# CHILD MARRIAGE AWARENESS

મહિલા અને બાળ આયોગનાં વડાં ધર્મિષ્ઠા ગજ્જરે ગાંધીનગરથી “બાળલગ્ન મુક્ત ભારત અભિયાન” હેઠળ વિશેષ જનજાગૃતિ રથનું પ્રસ્થાન કરાવ્યું. બાળલગ્ન જેવા દૂષણને જડમૂળથી નાબૂદ કરવાના હેતુસર આ રથ દ્વારા વિવિધ ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં નાગરિકોને બાળલગ્નના ગેરલાભ અને કાયદાકીય જોગવાઈઓ અંગે માહિતી અપાશે.

આ અંગે સુશ્રી ગજ્જરે કહ્યું, બાળલગ્ન એ માત્ર સામાજિક કુરિવાજ નહીં, પણ તે બાળકના માનસિક, શારીરિક અને શૈક્ષણિક વિકાસમાં અવરોધરૂપ છે.

. . . . . . . . . . . . .

# ARAVALLI KHILAN PATEL

ભારતે આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICCમાં 19 વર્ષથી ઓછી વયના ખેલાડીઓના વિશ્વકપનો ખિતાબ જીત્યો છે. આ ટીમમાં સામેલ અરવલ્લી જિલ્લાના ખિલન પટેલનું તેમના વતન મોડાસામાં ભવ્ય સ્વાગત કરાયું છે. મોડાસાના બાયપાસ રોડથી ઉમિયા મંદિર સુધી યોજાયેલી યાત્રા દરમિયાન ખિલન પટેલે પ્રતિક્રિયા આપી.

(BYTE: KHILAN PATEL, CRICKETER)

. . . . . . . . . . . . .

# T20 WORLD CUP AHD

ICC  ટી-20 વિશ્વકપમાં દક્ષિણ આફ્રિકા અને કૅનેડાની ટીમ વચ્ચે આજે અમદાવાદમાં મુકાબલો થશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે મૅચ શરૂ થશે. દક્ષિણ આફ્રિકાની ટીમ એડેન માર્કરમ અને કૅનેડાની ટીમ દિલપ્રીત બાજવાની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

. . . . . . . . . . . . . .

# MEHSANA PLAYER MEDAL

મહેસાણાના દિવ્યાંગ ખેલાડીઓએ સ્પેશિયલ ઑલિમ્પિકની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સુવર્ણ અને રજત ચંદ્રક જીત્યા છે. તાજેતરમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત પંજાબમાં યોજાયેલી સ્પર્ધામાં બહુચરાજીના અંકિત ઠાકોરે લાંબી કૂદમાં અને ઊંઝાના લાલભાઈ પ્રજાપતિએ બરછી ફેન્કમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યા છે. જ્યારે વિજાપુરનાં સરસ્વતી ઠાકોરે લાંબી કૂદ અને 200 મીટર દોડમાં રજત ચંદ્રક જીત્યો છે. તમામ ખેલાડીઓનું રેલવેમથક પર ફૂલહારથી સ્વાગત કરાયું.

. . . . . . . . . . . . .

# MORBI GIDC BLAST

મોરબીમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ – GIDCમાં વિસ્ફોટ થતાં એક શ્રમિક ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે , દૂધ ગરમ કરવા ઉપયોગમાં લેવાતા બોઇલરમાં વિસ્ફોટ થતાં એક શ્રમિકને ઇજા થઈ છે. સદનસીબે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ નહતી.

. . . . . . . . . . . . . .